ચરોતર
દિવ્ય ભાસ્કર, આણંદ, સોમવાર, 22 જુલાઈ, 2024

અમૂલ ડેરીમાં આઉટસોર્સ ઓફિસમાં સ્ટેટ જી.એસ.ટી. ટીમના દરોડા : કરોડોની કરચોરી પકડાય તેવી સંભાવના

# સ્ટેટ જીએસટીના દરોડા : અમૂલના વર્ક ઓર્ડરમાં જ શરતભંગ થયાનો ઘટસ્ફોટ

ભાસ્કર ન્યૂઝ | આણંદ

ગુજરાત મિલ્ક માર્કેટિંગ ફેડરેશન અંતર્ગત અમૂલે ફાળવેલા વર્ક ઓર્ડરમાં જ શરતભંગ થયાનો ઘટસ્ફોટ થયો છે. જીએસટીના નિયમ પ્રમાણે સપ્લાય પર મૂળ 18 ટકા જીએસટી ચૂકવવાનો રહે છે, પરંતુ આ કેસમાં અત્યાર સુધી માત્ર પાંચ ટકા લેખે જ જીએસટી ચૂકવવામાં આવ્યો હતો. જેને પગલે અત્યાર સુધીમાં કરોડોની કરચોરી થઈ હોવાનું ખૂલ્યું છે. જેને લઈને જ સ્ટેટ જીએસટીએ દરોડા પાડતા સમગ્ર રાજ્યમાં ખળભળાટ મચી ગયો હતો.

આણંદ અમૂલ ડેરીમાં આઉટસોર્સ કર્મચારીઓની ઓફિસમાં છેલ્લાં ત્રણેક દિવસથી સ્ટેટ જીએસટી ટીમોએ ધામા નાંખ્યા છે અને બે દિવસના દરોડામાં જીએસટી વિભાગે દસ્તાવેજની ચકાસણી કરાઈ હતી. પરંતુ સૌથી રસપ્રદ બાબત તો એ હતી કે, બોટલિંગનું કામકાજ કરતા કોન્ટ્રાક્ટર દ્વારા જે તે સમયે અમૂલ દ્વારા વર્ક ઓર્ડર ફાળવવામાં આવ્યો તેમાં જ સ્પષ્ટ ઉલ્લેખ હતો કે 5 ટકા જીએસટી ચૂકવવાનો રહેશે. જોકે, જીએસટીના નિયમ પ્રમાણે સપ્લાયમાં 18 ટકા જીએસટી વસૂલવામાં આવે છે. જ્યારે કોન્ટ્રાક્ટર દ્વારા અત્યાર સુધીમાં માત્ર 5 ટકા લેખે જીએસટી ચૂકવવામાં આવ્યો હતો. આમ, 13 ટકા લેખે ડિફરન્સ જ અત્યાર સુધી ન ચૂકવી તંત્રની આંખમાં ધુળ નાંખવાનું કામ કરવામાં આવતું હતું. જે સ્ટેટ જીએસટીના ધ્યાને આવતાં જ તેઓએ દરોડા પાડ્યા હતા અને કરોડોની કરચોરી પકડી હતી. જોકે, સમગ્ર મામલામાં હજુ પણ તપાસ ચાલુ છે અને આગામી સમયમાં કરચોરીનો આંક વધે તેવી સંભાવનાઓ જોવાઈ રહી છે.

## દસ્તાવેજોમાં ચેડાં ન થાય તે માટે ઓફિસો સીલ કરાઈ

સમગ્ર મામલામાં જીએસટીની ટીમ દ્વારા સઘન તપાસ કરવામાં આવી રહી છે, જેને લઈને હાલમાં સૌનું ધ્યાન એ તરફ છે ત્યારે બીજી તરફ રવિવાર હોય ટીમ દ્વારા ઓફિસને સીલ માર્યું હતું. જેથી દસ્તાવેજોમાં કોઈ ચેડાં કરવામાં ન આવે. જોકે, આટલા મોટા પાયે કરચોરી કરી હોય ત્યારે શું અમૂલ અને તેમણે આપેલા કોન્ટ્રાક્ટ હેઠળના સંચાલકો પાસેથી કરચોરી વસૂલાશે કે કેમ કે પછી ઘીના ઠામમાં ઘી પડી રહેશે તે બાબત હાલ ચર્ચાનો વિષય બન્યો છે. સમગ્ર મામલે સંચાલક કમલેશ પરમારનો ટેલિફોનિક સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ પ્રયાસ થઈ શક્યો નહોતો.